દિવ્ય ભાસ્કર, ફ્રંટ પેજ અમદાવાદ.
તારીખ :- ૧૧/૦૧/૨૦૨૬.

### અમદાવાદથી ગાંધીનગર-અક્ષરધામ સીધા જઈ શકાશે

# મોદી સચિવાલયથી મહાત્મા મંદિરના મેટ્રો રૂટનું આજે લોકાર્પણ કરશે

## લોકો માટે આ રૂટ ઉત્તરાયણ પછી શરૂ કરાય તેવી શક્યતા

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે સાંજે 5 વાગ્યાની મહાત્મા મંદિર ખાતેથી મેટ્રો ફેઝ-2ના સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના રૂટનું લોકાર્પણ કરશે. 7.8 કિમીના રૂટમાં 7 સ્ટેશન આવશે. આ રૂટ પેસેન્જરો માટે ઉત્તરાયણ બાદ શરૂ કરાય તેવી શક્યતા છે.

મહાત્મા મંદિર સુધી મેટ્રોનું સંચાલન શરૂ થતા ફેઝ-2માં મંજૂર થયેલા 28.2 કિમી રૂટ તથા 22 સ્ટેશન ખુલ્લાં મુકાતાં અમદાવાદ મેટ્રોનું નેટવર્ક 68 કિલોમીટરનું થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહાત્મા મંદિર સ્ટેશન પર લોકાર્પણ વિધિ કર્યા બાદ મેટ્રોમાં સફર કરે તેવી શક્યતા છે. આ રૂટ શરૂ થતા સચિવાલય-જૂના સચિવાલયના સરકારી કર્મચારીઓ ટ્રાફિકની ઝંઝટ વિના અમદાવાદથી ઓફિસ મેટ્રોમાં પહોંચી શકશે. અક્ષરધામ અને દાંડી કુટીરની વિઝિટે આવતા લોકો માટે આ સેવા આશીર્વાદરૂપ બનશે.

### નવા શરૂ થનારાં 7 સ્ટેશન

- અક્ષરધામ
- જૂનું સચિવાલય
- સેક્ટર-16
- સેક્ટર-24
- મહાત્મા મંદિર
- સેક્ટર-10એ
- સચિવાલય.

### મેટ્રો ફેઝ-2 : 28.2 કિમીનો રૂટ અને કુલ સ્ટેશન 22

| | |
|---|---|
| કુલ લંબાઈ | : 28.2 કિમી |
| કુલ સ્ટેશનોની સંખ્યા | : 22 |
| કુલ ખર્ચ | : 5384 કરોડ |
| ટેકનોલોજી | : ડ્રાઈવરલેસ ટ્રેન ઓપરેશન (CBTC સિસ્ટમ) |

**મારા કામની વાત**

### ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશન સાથે સીધું જોડાણ

મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનને ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશન સાથે ખાસ વોક-વેથી જોડાશે. આ ''મલ્ટી-મોડલ કનેક્ટિવિટી''ને કારણે જે મુસાફરો ટ્રેનથી ગાંધીનગર આવશે, તે મેટ્રો પકડી અમદાવાદ કે ગાંધીનગરના વિસ્તારોમાં જઈ શકશે. મેટ્રો ફેઝ-2 પૂર્ણ થતા ગાંધીનગરના મુખ્ય સેક્ટર સીધા ગાંધીનગર રેલવે સ્ટેશને તથા અમદાવાદના રેલવે સ્ટેશન સાથે જોડાશે.